॥ અર્હમ્ ॥

પરમપ્રભાવક જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય

શ્રીવિજયધર્મ સૂરીશ્વરજી મહારાજ

ની

# અષ્ટ પ્રકારી પૂજા

## તથા સ્તવનો, ગહુંલીઓ અને ભજનો.


કર્તા—

ન્યાયવિશારદ ન્યાયતીર્થ ઉપાધ્યાય

શ્રીમંગલવિજયજી મહારાજ



પ્રકાશક—

શ્રીવિજયધર્મ લક્ષ્મી જ્ઞાનમંદિર

બેલનગંજ—આગરા.

વીર સં૦ ૨૪૫૧, વિ૦ સં૦ ૧૯૮૧, ધર્મ સં૦ ૩.

અમૂલ્ય.

પ્રકાશક—
વ્યવસ્થાપક—
શ્રીવિજયધર્મ લક્ષ્મી જ્ઞાનમંદિર,
બેલનગંજ-આગરા.

सहायक—
दानवीर शेठ लक्ष्मीचंदजी बैदकी
धर्मपत्नी सुगुणबाईका ज्ञान खातासे
सबको पढ़ने के लिए भेट.

છાપનાર—
મોહનલાલ બૈદ
માલિક-સરસ્વતી પ્રેસ,
બેલનગંજ-આગરા.

# નિવેદન.

જગત્પ્રસિદ્ધ વિશ્વવંદ્ય તપાગચ્છનભોદિનમણિ પરમ પ્રભાવક શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીશ્રીશ્રી ૧૦૦૮ શ્રીવિજયધર્મ સૂરીશ્વરજી મહારાજ અત્યારે આ સંસારમાં નથી પરંતુ તેમણે જૈન અને અજૈન ઉપર કરેલા ઉપકાર, તેઓએ કરેલી જૈનશાસનની સેવા, તેમણે કરેલા તીર્થોદ્ધારાદિ કાર્યો તથા તેઓશ્રીએ કરેલું જૈન સમાજમાં નવરૂગનું પ્રવર્તન, આ બધું ઇતિહાસના પૃષ્ઠો ઉપર સોનાના અક્ષરોથી અંકિત થઇ ચૂકયું છે. એવા પરમયોગીશ્વર મહાત્મા પુરૂષના ગુણ ગાન કરવાની તમામ ભવ્યાત્માઓની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. તેઓમાંથી ગુજરાતી ભાષા જાણવા વાળાઓની તે ઇચ્છા પૂર્ણ કરવા માટે શ્રીમાન્ ન્યાયવિશારદ ન્યાયતીર્થ ઉપાધ્યાય શ્રીમંગલવિજયજી મહારાજે પહેલાં, યોગના આઠ અંગ ગર્ભિત અષ્ટ પ્રકારી પૂજા ગુજરાતીમાં બનાવી હતી જે પહેલાં છપાઈ ચૂકી છે પરંતુ પૂજ્યપાદ ગુરૂવર્યના ચરિત્ર ગર્ભિત ગુજરાતીમાં પૂજા હોવાની જરૂરીયાત જણાતાં તે પ્રમાણે પણ તેઓશ્રીએ પૂજા બનાવી આપતાં તેને છપાવી પ્રસિદ્ધ કરવા અમે ભાગ્યશાલી થયા છીએ.

હિંદી અને સંસ્કૃત ભાષા જાણનારાઓ માટે પ્રખર લેખક અને વક્તા શાસનદીપક શ્રીમાન્ વિદ્યાવિજયજી મહારાજે એક નાની અને એક મોટી એમ બે અષ્ટ પ્રકારી પૂજા હિંદી ભાષામાં બનાવી છે. અને શ્રીમાન્ ન્યાયવિશારદ ન્યાયતીર્થ શ્રીન્યાયવિજયજી મહારાજે એક સંસ્કૃત ભાષામાં અષ્ટ પ્રકારી પૂજા બનાવી છે. જે પહેલાં છપાઇ ગએલી છે.

આવા ધર્મધુરંધર શાસનરક્ષક મહાત્માના ગુણ ગાન કરનાર પોતાના આત્માને ઉન્નત બનાવી શકે છે. તેટલા માટે દરેક ગામોમાં આચાર્યશ્રીની મૂર્તિ, પગલાં અથવા પૂજા-ગુણ ગાન કરવાનું કોઈ પણ સાધન બનાવીને આચાર્યશ્રીની ભક્તિ અને ગુણ ગાન કરવાનો તમામ લોકો લાભ ઉઠાવે, એજ શુભેચ્છા.

વીર સં૦ ૨૪૫૧ ધર્મ સં૦ ૩
કાર્તિક શુદી ૧ બેસતું વર્ષ
આગરા.

પ્રકાશક.

## સૂચના.

૧ જે દિવસે પૂજા ભણાવવી હોય તે દિવસે ત્રિગડા ઉપર સિંહાસનમાં પૂજ્યપાદ ગુરૂવર્ય શ્રીવિજયધર્મ સૂરીશ્વરજી મહારાજની મૂર્તિ અથવા પગલાં સ્થાપન કરવાં, તે ન હોય તો તેને બદલે તાંબા અથવા આરસ ઉપર કોતરાવેલું ચિત્ર સ્થાપન કરવું.

મૂર્તિ, પગલાં અથવા ચિત્રની પ્રતિષ્ઠા ન થઇ હોય તો પાછલના પૃષ્ઠમાં લખેલા આહ્વાન, પ્રતિષ્ઠાપન અને સન્નિધિકરણના મંત્રોચ્ચારણપૂર્વક ત્રણ વખત વાસક્ષેપ નાંખવો.

૩ આઠે પૂજાઓની સામગ્રી જુદા જુદા થાલમાં સન્મુખ પાટલા ઉપર રાખવી. પછી જે જે પૂજા પુરી થઈ જાય તે તે વસ્તુઓથી પૂજા કરવી.

૪ આઠે પૂજાઓ પુરી થયા પછી ઉભા થઇને કલશ ગાવો.

૫ કલશ ગાયા પછી આરતી ઉતારવી.

# आह्वान.

ॐ ह्रीं श्रीं श्रीविजयधर्मसूरि-गुरु-देवते अत्र
अवतर अवतर स्वाहा ॥

ॐ ह्रीं श्रीं श्रीविजयधर्मसूरि-गुरु-देवते अत्र
तिष्ठ तिष्ठ स्वाहा ॥

ॐ ह्रीं श्रीं श्रीविजयधर्मसूरि-गुरु-देवते अत्र
मम सन्निहितो भव स्वाहा ॥



## જગદ્ગુરૂ શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજે રચેલાં સ્તવનો.

### ॥ વીતરાગ સ્તવન ॥

(અનન્તવીરજ અરિહંત સુણો મુજ વિનતિ-એ દેશી)

શ્રીજિનેશ્વર દેવ સુણો મુજ વિનતિ,
આવ્યો છું હું આજ આશા મોટી ધરી. ૧
લાખ ચોરાશી જીવાયોની દ્વારા ભમ્યો,
તે માંહી મનુષ્ય જન્મ અતિ દુઃકકરો. ૨
તે પણ પૂર્વ પુણ્ય પસાયે અનુભવ્યો,
તો પણ દેવ ગુરૂ ધર્મ ન ઓળખ્યો. ૩
શું થાશે પ્રભુ મુજ તુજ કૃપા વિના,
રઝલ્યો રાંકની પેરે પામ્યો વિટંબના. ૪
ન દીધું શુદ્ધ દાન સુપાત્રે ભાવથી,
ન પાલ્યું વળી શિયલ વિડંબ્યો કામથી. ૫
તપ તપ્યો નહીં કોઈ આતમને કારણે,
શું ઝાઝુ કહું નાથ જાવું નરક-બારણે. ૬
કીધાં મેં જે કર્મ જો તે વિવરી કહું,
તો લાગે બહુ વાર ભજન કયારે કરૂં. ૭
પૂર્વ વિરાધક ભાવથી ભાવ ન ઉલ્લસે,
ચારિત્ર ડોલ્યું નાથ કર્મ મોહની વશે. ૮
ક્ષણ ક્ષણમાં બહુ વાર પરિણામની ભિન્નતા,
તે જાણો છો મહારાજ મારી વિકલતા. ૯

નહિં ગુણનો લવલેશ જગત ગુણી કહે,
તે સુણી મારૂં મન હર્ષે અતિ ગહગહે. ૧૦
પણ થયું મુજ આજ દર્શન દેવ અતિ ભલું,
પૂર્વ પુણ્ય પ્રયોગે કલ્પવૃક્ષ ફલ્યું. ૧૧
માગું દીન દયાળ ચરણની સેવના,
હોજો વૃદ્ધિ ધર્મની ભવોભવ ભાવના. ૧૨

(૨)

## શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

(જગપતિ નાયક નેમિજિણંદ દ્વારિકા નગરી સમોસર્યા–એ દેશી)

જગપતિ ચંદ્રપ્રભ જિન દેવ, ચંદ્રાવતી નારી ધણી,
,, તાહરે ભક્ત અનેક, માહરે મન તુ ચિંતામણી. ૧
,, અનુત્તરથી અવતાર, લક્ષ્મણા કુંખે શુભ થયો,
,, મહાસેન કુલાંબર, જિન ચંદ્ર પ્રગટ થયો. ૨
,, તારક બિરૂદ ધરાય, સેવકને તારો નહીં,
,, જગતમાં અપયશ થાય, બિરૂદ પ્રમાણે ચાલે નહીં ૩
,, સેવ્ય સેવકનો ભાવ, ટાળ્યો હવે ટળે નહીં.
,, આપજ્યો શિવપુર વાસ, સ્વામિત્વ ભાવ ભુલું નહી
,, હુ છું તાહરો દાસ, દાસ ઉપર દયા કરો,
,, મહેર કરો મહેરવાન, ગરીબ સેવકને ઉદ્ધરો. ૫
,, ધુલીયા નગર માંહિ, કર્યું ચોમાસું દસ મુનિ,
,, જૈન જૈનેતર વર્ગ, સુણે દેશના ધર્મની. ૬
,, વૃદ્ધિચંદ્ર ગુરૂ રાય, ચરણ સેવક શુભ મને,
,, ધર્મ નમે કર જોડ, વીર નિર્વાણ તણે દિને. ૭

* ॐ अर्हम् *

નમોનમઃ શ્રીપ્રભુધર્મસૂરયે.

॥ श्रीगुरुदेव पूजा ॥

# उपोद्घात दुहा.

ભવ અટવી માંહે સત્થવાહ ભવાર્ણવ માંહે જહાજ
નિર્વાણ માર્ગ યાનાવહ ચઉવીસમો જીનરાજ ૧
શિવ સુખ દાયક દુઃખ હરા મોહ તિમિર હરનાર
પરમાનન્દી યોગીશ્વરા સમતા રસ ભંડાર ૨
દુર્વારરાગહરિદાર છો વૈરિવાર હણનાર
તુમે જિનવર જગદીશ છો જય જય જગદાધાર ૩
તે જિનવર પ્રણમી કરી ગાઈશું ધર્મ સૂરીન્દ
ચરિત્ર સ્વરૂપ મનમાં ધરી પૂજા રચું સુખકન્દ ૪
ઉત્તમના ગુણ ગાવતાં ઉત્તમતા વરે બુદ્ધ
તે વિના ઉત્તમતા નહિં એ જન વાદ છે શુદ્ધ ૫
તે કારણ સૂરિ સંસ્તવી જીવ્હા કરૂં સુપવિત્ત
પૂજા કરો શુભ મન ભવી તન મન ઉલ્લસિત વિત્ત ૬
અર્ચને મનમાં પ્રસન્નતા તેહથી થાય સમાધાન
તે વિના નહિં શુદ્ધાત્મતા જાણો તે પરમ નિદાન ૭
અષ્ટ પ્રકારી પૂજા કરી કરો આઠ કરમની હાણ
તેહના ભેદ હવે વર્ણવું ગુણીજન મન ગુણ ખાણ ૮
જળ ચંદન ફુલ ધૂપ છે દીપક અક્ષત ધાર
નૈવેદ્ય ફળ એ આઠ છે પૂજા વિવિધ પ્રકાર ૯

# પહેલી જલ પૂજા॥

## દુહો.

ઉત્તમ જળ કળસા ભરી ન્હવણ કરો સૂરિરાજ
ભાવ જળ મનમાં ધરી અવિચળ હ્યે શિવરાજ ॥ ૧ ॥

## ઢાલ.

(હાંરે વાળો વાળો તુમે રથડો વાળો—એ દેશી)
હાંરે ગાવો ગાવો તુમે સૂરિ ગુણ ગાવો
હાંરે થાળ મોતીએ ભરીને વધાવોરે ગાવો૦
હાંરે સૂરિ ન્હવણ કરો શુભ ભાવે
હાંરે જેથી દુઃખ દોહગ દુર જાવેરે ગાવો૦ ॥૧॥
હાંરે તુમે મધુમતી§ નગરીના વાસી
હાંરે શ્યામ વચ્છ કુલના પ્રકાસી ગાવો૦
હાંરે માતા કમળાદેવીના છો જાયા
હાંરે રામચંદ તનુજ સુખદાયા રે ગાવો૦ ॥૨॥
હાંરે નામ મૂલચંદ્ર સહુ થાપે
હાંરે મૂલ નક્ષત્રથી તે આપે રે ગાવો૦
હાંરે અધ્યયન કાળ વીતી જાય
હાંરે ભણવાનું નામ ન સુહાય રે ગાવો૦ ॥૩॥

---

§ મહુવા

હાંરે કેવળ રમત ગમત મન ભાવે
હાંરે માત પિતાનાં દિલ ન સુહાવે રે  ગાવો૦
હાંરે ભણ્યા અક્ષર એક ન અજ્ઞાની
હાંરે કેવળ સટ્ટા વ્યસન મન માનીરે  ગાવો૦ ॥૪॥
હાંરે માત પિતાએ  વાત પીછાણી
હાંરે થાય દ્રવ્ય તણી ઘણી હાણી રે  ગાવો૦
હાંરે એવા પુત્ર તણું નહિ કામ
હાંરે તેથી ભાગી ગયા બીજે ધામરે  ગાવો૦ ॥૫॥
હાંરે તે સમયે  વિહાર કરંતા
હાંરે આવ્યા મુનિ મહંત વિચરંતા રે  ગાવો૦
હાંરે દેખી વૈરાગ્ય  વાસના જાગી
હાંરે ધર્મ મંગળ ભાવઠ ભાગી રે  ગાવો૦ ॥૬॥

શ્લોક

विशुद्धपानीयभृतैः स्वचेतोनैर्मल्यहेतोः कलशैर्मनोज्ञैः ।
श्रीधर्मसूरीश्वरपादयुग्मं यजामहे सप्रमदप्रकर्षम् ॥१॥
ॐ ह्रीं श्रीं विजयधर्मसूरिगुरुदेवचरणकमलेभ्यो जलार्चां
निर्वपामि स्वाहा ॥

# બીજી ચંદન પૂજા ॥

## દુહો.

સરસ શીતળ ચન્દન ગ્રહી  સૂરી પૂજો ભવિ આજ
ત્રણ તાપ જાયે  વહી  તેમ તુમે કરો ભવિ  કાજ ॥૧॥

## ઢાલ.

(રાગ ક્ષત્રિય કલંક)

| | | | |
|---|---|---|---|
| ચન્દને પૂજો સૂરિરાજ | ભવિ સુણો ભાવશું રે, | | |
| દુઃખાનલ સમાવાને કાજ | ,, | ,, | |
| દીક્ષા કાજે ભાગ્યા લઈ રાત | ,, | ,, | |
| ગયા ભાવનગર સુખ શાત | ,, | ,, | ॥૧॥ |
| દીઠા સમતા રસ ભંડાર | ,, | ,, | |
| એ છે ભવ પાતક હરનાર | ,, | ,, | |
| નિર્લોભી જગત હિતકાર | ,, | ,, | |
| મહા મંગલ રૂપ ગુરૂરાજ | ,, | ,, | ॥૨॥ |
| નામ વૃદ્ધિચંદ્ર સુખકાર | ,, | ,, | |
| કરે વિનતિ અતિ મનોહાર | ,, | ,, | |
| સંસાર સમુદ્રથી તાર | ,, | ,, | |
| મુજ અનાથી મન ધાર | ,, | ,, | ॥૩॥ |
| વિના આજ્ઞા ન સંયમ ભાર | ,, | ,, | |
| જેથી ઉતરે ભવિ ભવ પાર | ,, | ,, | |
| ગુરૂ વચને ઉદાસી એ થાય | ,, | ,, | |
| પ્રજ્ઞાચક્ષુ છે મુજ તાય | ,, | ,, | ॥૪॥ |

| | | | |
|---|---|---|---|
| આજ્ઞા કેમ આપે જગ ભ્રાત | ” | ” | |
| જઈ સમજાવો નિજ તાત | ” | ” | |
| પાછા ઘરે આવ્યા સહુ સાથ | ” | ” | |
| બુધ પિતા ને જણાવે એ વાત | ” | ” | ॥૫॥ |
| તજી ગ્લાની ને ભાવના ભાવે | ” | ” | |
| નિજ શુદ્ધાતમ પ્રગટાવે | ” | ” | |
| એળે જન્મ ગયો ન થયું કાજ | ” | ” | |
| અન્તરાય ન કરૂં સુખ કાજ | ” | ” | ॥૬॥ |
| લ્યો દીક્ષાને ધ્યાન શુભ ધ્યાવો | ” | ” | |
| તુમે જીત નિશાન ચડાવો | ” | ” | |
| બ્રહ્માસ્ત્રથી મોહ હઠાવો | ” | ” | |
| જ્ઞાન દીપક તુમે પ્રગટાવો | ” | ” | ॥૭॥ |
| પિતાનો આશીર્વાદ એહ | ” | ” | |
| જેથી હવે ન રહે દુઃખ રેહ | ” | ” | |
| ધન્ય ધન્ય એહનો અવતાર | ” | ” | |
| આપે આજ્ઞા અતિ મનોહાર | ” | ” | ॥૮॥ |
| ગુરૂ દીક્ષા આપે ભવ પાર | ” | ” | |
| નામ થાપે તે પરમ ઉદાર | ” | ” | |
| આપે ધર્મવિજય ધરી પ્યાર | ” | ” | |
| ધર્મ મંગલ જય જયકાર | ” | ” | ॥૯॥ |

શ્લોક.

आत्मीयतापस्य निवारणाय परिस्फुरद्गन्धिसुचन्दनेन ।
आचार्यचूडामणिधर्मसूरिं यजामहे निर्मलभावनातः ॥१॥

ॐ ह्रीं श्रीं विजयधर्मसूरिगुरुदेवचरणकमलेभ्यः चन्दनार्चा निर्वपामि स्वाहा ॥

# ત્રીજી કુસુમ પૂજા ॥

## દુહો.

પુષ્પ પૂજા ત્રીજી કહી શિવ સુખ તરૂ ફુલ રૂપ
ચઉ ગતિ ચૂરે જે સહી ન પડે ભવિ ભવ કૂપ ॥૧॥

## ઢાલ.

(કામણગારા પ્યારા કહું છું તુમને વાત સારી રે—એ દેશી)
મોહનગારા સૂરિજીની સુણો વાત સારીરે
સુણો વાત સારીરે સુણો વાતસારીરે, મોહનગારા૦
પુષ્પ સુગન્ધિથી આંગી બનાવો
નિજ મન મધુકર લલચાવોરે, સુણો નિજ૦મોહન૦ ૧
દીક્ષા લઈ ગુરૂકુલમાં રહીને
જ્ઞાનામૃત રસ પાન કરી, સુણો જ્ઞાનામૃત૦
ધન્ય પુરૂષ ગુરૂકુલ ન મુકે
ગુરૂ ભકિત મનથી જે નવી ચુકેરે, સુણો ગુરૂ૦ મોહન૦ ૨
પ્રસન્ન થઇ શુભ લક્ષ્મ નિહાળી
આપે આશીષ ગુરૂ રઢીઆળીરે, સુણો આપે આશીષ૦
ભૂમંડળમાં થાઓ તુમ ખ્યાતિ
જિનશાસનમાંહે વિખ્યાતિ, સુણો જિન શાસન૦મોહન૦ ૩
પામી આશીષને થયા વડભાગી
દેહ અથિર ગુરૂજીએ ત્યાગીરે, સુણો દેહ અથિર૦
સૌભાગી ગુરૂજી સ્વર્ગે સિધાયા
શિષ્ય સહુ મળી અકળાયારે, સુણો શિષ્ય૦ મોહન૦ ૪

સર્પ કાંચળી જેમ નગરને ત્યાગી
કરે વિહાર સૂરિ સૌભાગી રે, સુણો કરે વિહાર૦
ગ્રામાનુગ્રામ વિહાર કરંતા
જિન વાણીની હાનિ નિરખંતારે, સુણો જિન૦ મોહન૦ ૫
જન બોધનમાંહે રઢ લાગી
વિદ્યોન્નતિ મનમાંહે જાગીરે, સુણો વિદ્યોન્નતિ૦
કાશી ભાવનાએ માંડલ જઇને
દાની ધનીને સમજાવીરે, સુણો દાની૦ મોહન૦ ૬
દ્રવ્ય સંચય મહાજન મળી કીધો
ગુરૂ ઉપદેશામૃત પીધોરે, સુણો ગુરૂ ઉપદેશ૦
ઉગ્ર વિહારે શિષ્ય સાથે લઇને
કષ્ટ પરંપરા બહુ સહીનેરે, સુણો કષ્ટ૦ ૭
વીરમગામ કપડવંજ અવન્તિ
મક્ષીજી શીવપુરી *કર્ણપુરીરે, સુણો મક્ષીજી૦
પ્રયાગરાજ થઇ વાણારસીમાં
સાલ ઓગણી ઓગણસાઇઠમાં, સુણો સાલ૦ મોહન૦ ૮
વૈશાખ સુદ ત્રીજને બુધવારે
કર્યો પ્રવેશ સૂરિ શુભવારેરે, સુણો કર્યો પ્રવેશ૦
પ્રતિ ગ્રામમાં જૈન શાસન ડંકા
ધર્મ મંગળ કદી નવી વંકારે, સુણો ધર્મ૦ મોહન૦ ૯

શ્લોક.

नानाविधैः श्रेष्ठपवित्रशुद्धैः पुष्पैर्मनोहारकवर्णगन्धैः
गुरुं समग्रश्रमणाधिराजं यजामहे कामितया परागे ॥१॥
ॐ ह्रीं श्रीं विजयधर्मसूरिगुरुदेवचरणकमलेभ्यः पुष्पार्चां
निर्वपामि स्वाहा ॥

---

*કાનપુર.

# ચોથી ધૂપ પૂજા ॥

## દોહરો.

અગર કસ્તુરી દશાંગના સન્મુખ કરો સૂરિ ધૂપ
દુરિત ગન્ધ અનાદિના ટાળો ન પડો ભવ કૂપ ॥૧॥

## ઢાલ.

(ત્રિશલાના જાયારે મહાવીર સ્વામી આવજો હોજી-એ દેશી)

કમલાદે જાયારે સૂરીશ્વર હૃદયે આવજો હોજી
નહીં આવો તો થાશે મને દુઃખ અપાર, કમલાદે૦
ધૂપની પૂજારે કરીએ અમે ભાવથી હોજી
જેથી હોય અનાદિ દુરિત તણો નાશ, કમલાદે૦ ॥૧॥
વિદ્યાલય રોપ્યું રે ક્ષોભ્યાં ચિત્ત શત્રુનાં હોજી
+વીરચંદ દીપચંદ, ગોકુલ ભાઈ× કમલાદે૦
સ્થાન સુંદર લીધું રે અંગ્રેજી કોઠી નામથી હોજી
આપ્યું તેણે પાઠશાળાની રે કાજ, કમલાદે૦ ॥૨॥
યશોવિજય પાઠશાલારે નામ તે થાપીયું હોજી
જ્ઞાન ધ્યાન કરે છાત્રો ત્યાં અપાર, કમલાદે૦
દાન અપૂર્વ રે સૂરીશ્વર નિત્ય આપતા હોજી
ખોલી સાથે ગ્રન્થમાલા ધરી પ્યાર, કમલાદે૦ ॥૩॥
સાહિત્ય પ્રચાર રે થયો જશવાદ ઘણો હોજી
વાત ગઈ કાશીપતિ❀ દરબાર, કમલાદે૦

---

+ શેઠ વીરચંદ દીપચંદ, સી૦ આઇ૦ ઇ૦ જે૦ પી૦ મુંબઇ.
× શેઠ ગોકુલભાઇ મૂલચંદ, વિશનગર વાલા, મુંબઇ
❀ એચ. એચ. બનારસ મહારાજા સર પ્રભુનારાયણસિંહજી.

જૈન મુનિરત્ન આવ્યારે આપણા શહેરમાં હોજી
કરે બહુ પરોપકારનું કામ, કમલાદે૦ ॥૪॥
દરિસણ કાજે રે આમંત્રણ મોકલ્યું હોજી
જાયે સૂરિ શિષ્ય વૃંદને લઈ સાથ, કમલાદે૦
આદર ઘણો કીધોરે નરેશે બહુ ભાવથી હોજી
દેખી બળ્યો પંડિતજન સમુદાય, કમલાદે૦ ॥૫॥
પ્રશ્નો તિહાં પુછે રે વિક્ષોભ બહુ નાંખવા હોજી
ષડ્દર્શનમાં જૈન દર્શનનો નંબર કોણ, કમલાદે૦
પહેલું કે અન્તિમ છે રે દર્શન તુમ તણું હોજી
પ્રશ્ન સુણી સૂરિ બુદ્ધિના નિધાન, કમલાદે૦ ॥૬॥
ઉત્તર શુદ્ધ આપેરે મોક્ષ મળે જેહથી હોજી
દર્શન મ્હારૂં તેહજ બુધ અવધાર, કમલાદે૦
પહેલું તે જાણોરે અન્તિમ વા જાણજો હોજી
સુણી ઉત્તર નૃપ મન હરખ ન માય, કમલાદે૦ ॥૭॥
પંડિત જનોનીરે સભામાં હાંસી થઈ હોજી
વિલખા થઈ નિજ ઘરે સર્વ સિધાય, કમલાદે૦
યશોવાદ થયોરે જૈન શાસન તણો હોજી
સભ્યો તણાં મનમાં આનંદ ન માય, કમલાદે૦ ॥૮॥
રાજા થયા રાગીરે વાત જગ વિસ્તરી હોજી
મળવા આવે મોટો પંડિત સમુદાય, કમલાદે૦
જૈન નામ સુણતાં઼ ઘૃણા જેને આવતી હોજી
તે લોકો પણ જૈનોના ગુણ મળી ગાય, કમલાદે૦ ॥૯॥

રથયાત્રામાં આવે રે ભાવ ભક્તિ મન ધરી હોજી
રાજા મોતીચંદ‡ જેવા મહાભાગ, કમલાદે૦
પાલખી ઉપાડીને પ્રભુ ગુણ ગાવતા હોજી
જન્મ થયો સફલ અમ્હારો પ્રભુ આજ, કમલાદે૦ ॥૧૦॥

ફુલોથી વધાવેરે પ્રભુને બજારમાં હોજી
જય બોલી પ્રેમથી પ્રભુ ગુણ ગાય, કમલાદે૦
શાસન શોભારે એણી પરે ઘણી કરી હોજી
થાયે જેથી ધર્મ મંગલ સુવિશાલ, કમલાદે૦ ॥૧૧॥

શ્લોક.

धूपैः स्फुरत्सौरभसत्सुगन्धि–संमिश्रणैः सुन्दरवासनायै ।
जैनेन्द्रधर्माम्बुजभानुमन्तं यजामहे पुरुषपुन्डरीक म् ॥१॥
ॐ ह्रीं श्रीं विजयधर्मसूरिगुरुदेवचरणकमलेभ्यो धूपार्चां
निर्वपामि स्वाहा ॥

# પાંચમી દીપક પૂજા ॥

## દુહો.

પ્રકાશ રૂપ દીપક ધરી જ્ઞાન દીપક ધરો હાથ ।
આત્મ સ્વરૂપ જાણી કરી ખેલો વિરતિની સાથ ॥૧॥

‡ ઓનરેબલ રાજા મોતિચંદજી, સી૦ આ૦ ઇ૦ ઇ૦ અજમતગઢ પાલેજ, બનારસ.

## ઢાલ.

(શ્રુત પદ ભજીએ ભાવે ભવિઆં શ્રુત છે જગત આધારોજી–એ દેશી)

દીપક લઈ સૂરિ સન્મુખ રહીને
જ્ઞાન દીપક યાચીજે જીરે,
આત્મ પ્રકાશ જેથી બહુ હોવે
ચરણ રમણ મન કીજે સૂરિજન પૂજોજીરે.

એક દિન સૂરિ મળવાને કાજે
માલવીયાજી§ આવ્યા જીરે,
સનાતન મહાધર્મ સભા એક
કુંભ મેળા માંહે થાય સૂરિજન૦ ॥૧॥

તીહાં પધારી વ્યાખ્યાન આપી
વિદ્વાન મન લલચાવો જીરે,
લક્ષાવધિ જન મેદની માંહે
સત્ય વસ્તુ સમજાવો સૂરિજન૦

શિષ્ય સમુદાય સાથે લઇને
કરે વ્યાખ્યાન બહુ ભાવે જીરે,
કાશીપતિ, દરભંગા નરેશ વળી
શંકરાચાર્ય× ગુણ ગાવે સૂરિજન૦ ॥૨॥

§ શ્રીમાન્ મદનમોહન માલવીયાજી.

× જગન્નાથપુરીના ગોવર્ધન મઠના શંકરાચાર્યજી.

સુણી વ્યાખ્યાનને પાયે પડીને
થયા ગુણાનુરાગી જીરે,
જૈન ધર્મની વિજય પતાકા
સહુના ઘટ ઘટ લાગી સૂરિજન૦

ધન્ય અમારો સફલ થયો દિન
દર્શન થયું મનોહારી જીરે,
એમ વદે પંડિત જન વાણી
સુખકારી ગુણખાણી સૂરિજન૦ ૧૩॥

પંડિત શિરોમણી રામમિશ્રજી+
પાઠશાલા માંહે આવે જીરે,
સત્ય ધર્મ જૈનનો જાણી
વ્યાખ્યાન દે સમ ભાવે સૂરિજન૦

સુજન સંમેલન× નામ છે જેનું
વજ્ર પ્રાકાર અનેકાન્ત જીરે,
માયારૂપી લાખના મહા ગોળા
પ્રવેશ કદી ન કરંત સૂરિજન૦ ॥૧૪॥

ધન્ય ધન્ય એવા પંડિતજનોને
સત્ય મારગ સમજાયો જીરે,
તીર્થ યાત્રા મન માંહે ઉદ્દેશી
વિહાર કરે સમુદાયો સૂરિજન૦

---

+ શ્રીમાન્ મહામહોપાધ્યાય રામમિશ્ર શાસ્ત્રીજી, બનારસ.

× સુજન સમ્મેલન, ય૦ વિ૦ ગ્રથમાલા તરફથી છપાયું છે.
કિં૦, ૦–૧–૦

પાટલીપુત્ર વિહાર પાવાપુરી
પવિત્ર ભૂમિને ફરસેજી રે,
ગુણાયા કાકંદી રાજગ્રહી
દેખી પર્વત મન હરખે સૂરિજન૦ ॥૫॥
સામ્રાજ્ય જીહાં હતું જૈનોનું
એમ કરી આંસુને વરસે જીરે,
અનિત્યતા પર્યાય ને લઇને
પરિવર્તનને ફરસે સૂરિજન૦
સમેતશિખર તીર્થ છે મોટું
જિનપતિ વીશ કલ્યાણ જીરે,
ફરી ફરી નીરખી મનમાં હરખી
ભવ પાતક કરે હાણ સૂરિજન૦ ॥૬॥
કલકત્તા નગર માંહે આવ્યા
સંઘ સહુ મન ભાવ્યા જીરે,
ભાવુકડ પાંચના ભાવ જાણીને
સર્વ વિરતિએ બનાવ્યા સૂરિજન૦
સતીશચંદ્ર§, સુબોધચંદ્રજી*
કરે અધ્યયન મનોહારી જીરે,

---

ડ ભાવિક પાંચ જણને દીક્ષા આપી. તેનાં નામ અનુક્રમે ૧ સિંહ વિજયજી. ૨ ગુણ વિજયજી. ૩ વિદ્યાવિજયજી. ૪ મહેન્દ્ર વિજયજી. ૫ ન્યાય વિજયજી, રાખવામાં આવ્યાં હતાં.

§ સ્વ. મહામહોપાધ્યાય ડા૦ સતીશચંદ્ર વિદ્યાભૂષણ એમ૦ એ૦ પીએચ૦ ડી૦ પ્રીન્સીપાલ સંસ્કૃત કોલેજ, કલકત્તા.

* ડાક્ટર સુબોધચંદ્રદાસ એલ૦ એમ૦ એસ૦ કલકત્તા.

સૂરિજી પાસે વિનતિ કરે ઘણી
વ્યાખ્યાન કરાવા દિલધારી સૂરિજન૦ ॥૭॥

સાહિત્ય પર્ષદ માંહે જઇને
આપે બોધ બુધ જનને જીરે,
મદિરા માંસ છોડાવે સહુને
ચકિત જન મન થાવે સૂરિજન૦

આશુતોષ* ને ફણીભૂષણજી૦
¶અમુલક ચરણ ઘોષ જીરે,
પ્રખર વિદ્વાનો થયા સૂરિરાગી
વિહાર કરે વડભાગી સૂરિજન૦ ॥૮॥

નદીયા-શાન્તિ માંહે આવ્યા
સાર્વભૌમ ચક્રવર્તી જીરે,
એવી ઉપાધિ ધારી પંડિતોને†
પ્રશ્નોત્તરમાં હઠાવે સૂરિજન૦

---

* શ્રીયુત બાબુ આશુતોષ મુકુરજી, કલકત્તા.

૦ શ્રીયુત બાબુ ફણીભૂષણજી અધિકારી એમ૦ એ૦ પ્રોફેસર હિંદુ વિશ્વ વિદ્યાલય કાશી.

¶ બાબુ અમુલકચરણ ઘોષ, સંપાદક "વાણી" કલકત્તા.

† મહામહોપાધ્યાય યદુનાથ સાર્વભૌમ અને મહામહોપાધ્યાય રાજકૃષ્ણ તર્ક પંચાનન, વિગેરે નદીયા-શાન્તિ (નવદ્વીપ) બંગાલ.

વીરચંદ્ર† શેઠની વિનતિએ
વારાણસી માંહે આવે જીરે,
પાઠશાલાનો ઉદ્ધાર કરીને
ધર્મ મંગલ વર્તાવે સૂરિજન૦ ॥૯॥

શ્લોક.

सुरम्यपात्रस्थितिवैः प्रदीपैः विश्वप्रदीपं गुरुराजपादं ।
भक्तिप्रदीपं प्रकटय्य चित्ते यजामहे घातयितुं तमः स्वम् ॥१॥
ॐ ह्रीं श्रीं विजयधर्मसूरिगुरुदेवचरणकमलेभ्यः दीपार्चां
निर्वपामि स्वाहा ॥

---

# છઠ્ઠી અક્ષત પૂજા ॥

## દુહો.

અક્ષત ભાવ મનમાં ધરી સ્વસ્તિક કરો મનોહાર ।
અક્ષય સુખ જેથી વરો સૂરિ સેવનનું એ સાર ॥૧॥

---

† શેઠ વીરચંદભાઈ દીપચંદ, સી૦ આઈ૦ ઈ૦ જે૦ પી૦ મુંબઇ.

# ઢાલ.

(રાગ-મ્હેતાજીરે શું મહી મૂલ બતાવું, ચાખ્યા પછી ભાવ જણાવું.)

સૂરિજીરે તુમ દર્શન મુજ પ્યારૂં મન મંદિરમાં પધરાવું,
ધરી અક્ષતરે અક્ષય ફલ નિરધારૂં ગુણ સૂરિજીના દિલ લાવું,
જ્ઞાન ચારિત્રની દૃઢતા જાણીરે,
શુદ્ધ આચાર વાદ વખાણી રે,
તુજ મૂર્તિ મનમાં ઠરાણીરે,
બુધ મળીઆરે પ્રધાન પદવી કાજે—
કાશીપતિ પ્રમુખ બિરાજે--સૂરિજીરે૦ ॥૧॥
ભારતીય બુધ ઘણા મળીઆરે,
ગુણાનુરાગે ન વીસરીઆરે,
કાશીપતિએ દિલમાંહે ધરીઆરે,
જૈન સંઘરે કરે સન્માન ઘણું સારૂં-
વીરચંદ પ્રમુખ શેઠ ધારૂં--સૂરિજી૦ ॥૨॥
જૈનાચાર્ય પુરઃસર કીધુંરે,
સાથે શાસ્ત્રવિશારદ દીધું રે,
કાશીપતિએ અર્પણ કીધું રે,
સૂરિજીરે જન સન્માનને જાણી—
લીધું સંઘ ગૌરવ મન આણી—સૂરિજી૦ ॥૩॥
મ્હોટા ઉત્સવ સંઘે કીધોરે,
દેશ દેશે આમંત્રણ દીધોરે,
સહુ સંઘે મળી લાભ લીધોરે,
કામ આવું રે અપૂર્વ કદી નવી થાય—
બુધ જૈનેતરોથી કરાય--સૂરિજીરે૦ ॥૪॥

ઇતિહાસમાં નંબર પહેલોરે,
નોંધાવે જઈ સંઘ વ્હેલોરે,
બન્યો સઘળો હર્ષથી ઘેલોરે,
આનન્દ રે જન ઉરમાં નવી માય-
સુણી દ્વેષી જવાસા સુકાય--સૂરિજીરે૦ ॥૫॥
બીજું કાર્ય અપૂર્વ સૂરિ કીધું રે,
દયાદેવી મંદિર મન લીધુંરે,
પશુશાલા નામ તે દીધું રે,
અહિંસકરે સાચાં છો સૂરિ મ્હારા-
બોલે કાશી પ્રજા ગુણ કયારા—સૂરિજીરે૦ ॥૬॥
કર્યાં સાધુ છાત્રા તૈયાર રે,
કલકત્તા કૉલેજ માંહે જાયરે,
ન્યાયતીર્થાદિ પદવી લેવાયરે,
ઉદ્દેશ રે સફલ થયો મન જાણી-
વિહાર કરે ગુણ ખાણી—સૂરિજીરે૦ ॥૭॥
કાશી પ્રજા મળી ઘણી આવેરે,
સભા મ્હોટી તીહાં ભરાવે રે,
અભિનન્દન પત્રને લાવેરે,
આપે ભાવેરે છો કાશી રત્ન અમારા-
વ્હેલા આવજો મોહનગારા-સૂરિજીરે૦ ॥૮॥
એમ બોલીને શોક દર્શાવેરે,
નિજ કૃતજ્ઞતાને જણાવેરે,
વળી વળી સૂરિ ગુણ ગાવેરે,
નિરૂત્સાહ રે પ્રજા થઈ બહુ ભારી-
નિજ આંસુડે પાપ પખાળી-સૂરિજીરે૦ ॥૯॥

ઉપદેશ અન્તિમ બહુ આપેરે,
કાર્યકારી સમિતિ થાપેરે,
સહુને મન ઉત્સાહ વ્યાપેરે,
આચાર રે મહાનુભાવ છે અમારો—
વિહાર તણો નિરધારો—સૂરિજીરે૦ ॥૧૦॥

એમ કહીને વિહાર કરંતારે,
અયોધ્યા લખનૌમાં વિચરંતારે,
કાનપુર આગરામાં આવંતારે,
ધર્મ મંગલરે થાશે હવે તીહાં ભારે—
સુગુણપતિ* દરબારે—સૂરિજીરે૦ ॥૧૧॥

શ્લોક.

पवित्रशुद्धाक्षतकेन कुन्दसुमेन्दुशुभ्रेण च तन्दुलेन ।
जैनाम्बराहस्करसूरिपादं यजामहे कामनयाऽक्षतस्य ॥१॥

ॐ ह्रीं श्रीं विजयधर्मसूरिगुरुदेवचरणकमलेभ्यो अक्षतार्चां
निर्वपामि स्वाहा ॥

---

* શેઠ લક્ષ્મીચંદજી બેદની અ૦ સૌ૦ સુપત્ની શ્રાવિકા સુગુણબાઈ.

# સાતમી નૈવેદ્ય પૂજા ॥

## દુહો.

શુભ નૈવેદ્ય ભરી થાળમાં અહો સૂરિ સન્મુખ ધીર
અનાહાર પદ કામતા થાઓ તુમે વડવીર ॥૧॥

## ઢાલ.

(ધન્ય ધન્ય તે જગ પ્રાણીઆ મન મોહન મેરે—એ દેશી)
નૈવેદ્ય પૂજા સાતમી મ્હારા વ્હાલા રે,
કરો તુમે અતિમનોહાર—સુરિ લટકાળારે,
વિગ્રહાવસ્થા દુર વમી મ્હારા વ્હાલા રે,
તુમે યાચો ભવિ અનાહાર—સૂરિ० ॥૧॥
ખાસ ચિન્તામણી ભેટીને મ્હારા વ્હાલા રે,
દાદા હીરસૂરિ મન ધાર—સૂરિ०
એલનગંજ આવીને મ્હારા વ્હાલા રે,
ઉપદેશ અતિ સુખકાર—સૂરિ० ॥૨॥
એકાદશી ઉદ્યાપને મ્હારા વ્હાલા રે,
કરે ઉત્સવ ભવિ દુઃખહાર—સૂરિ०
શાસન સેવન કાર્યમાં મ્હારા વ્હાલા રે,

લ્હાવો લક્ષ્મીનોએ નિરધાર—સૂરિ૦ ॥૩॥
સદ્વ્યય લાખોનો કરે મ્હારા વ્હાલા રે,
શેઠ લક્ષ્મીચંદ¶ સુપ્રમાણ-સૂરિ૦
પાલીતાણા ગુરૂકુલની મ્હારા વ્હાલા રે,
સૂરિ સ્થાપના કરે સુજાણ—સૂરિ૦ ॥૪॥
ઉત્તમ આશ્રય આપતા મ્હારા વ્હાલા રે,
તેજકરણને‡ શેઠજી§ સાર—સૂરિ૦
યોધપુર માંહે આવતા મ્હારા વ્હાલા રે,
સાહિત્ય સંમેલન ધાર—સૂરિ૦ ॥૫॥
રાજમંડલ જેકોબી* મળી મ્હારા વ્હાલા રે,
દશ સહસ્ર સભ્યો ત્યાં સાર-સૂરિ૦
જિન વાણીની ઘોષણા મ્હારા વ્હાલા રે,
કરે જૈન જૈનેતર પ્યાર-સૂરિ૦ ॥૬॥
મૂર્તિ મંડન પોષણા મ્હારા વ્હાલા રે,

---

¶ શેઠ લક્ષ્મીચંદજી બેદ, બેલનગંજ-આગરા.

‡ શેઠ તેજકરણજી ચાંદમલજી શેઠીઆ ,, ,,

§ શેઠ લક્ષ્મીચંદજી બેદ ,, ,,

* ડા૦ હર્મન જેકોબી, પીએચ૦ ડી૦, એલ૦ ટી૦ ડી૦, જૈન દર્શન દીવાકર, જર્મની.

કરે જેકોબી મનોહાર-સૂરિ૦
થોમસ઼ પત્રના પ્રેમથી મ્હારા વ્હાલા રે,
કોલવીન● મળે ધરી પ્યાર—સૂરિ૦ ॥૭॥
આશાતના આબુ તણી મ્હારા વ્હાલા રે,
દુર કરાવે સૂરિ સદ્‌ભાવ-સૂરિ૦
ટેસીટોરી† શિવગંજમાં મ્હારા વ્હાલા રે,
અધ્યયન કરે ધરી ભાવ—સૂરિ૦ ॥૮॥
દર સાલ દર્શને આવતા મ્હારા વ્હાલા રે,
ગુરૂ ધારે સૂરિજીને ભાવ-સૂરિ૦
પંચ તીર્થ યાત્રા કરી મ્હારા વ્હાલા રે,
ઉદેપુર ચોમાસું થાય—સૂરિ૦ ॥૯॥
મૂર્તિ પૂજા દયા દાનનાં મ્હારા વ્હાલા રે,
વ્યાખ્યાનો બજારે કરાય-સૂરિ૦
તેરાપંથી લૂંપક ઘણાં મ્હારા વ્હાલા રે,

---

઼ ડા૦ એફ૦ ડબલ્યુ૦ થોમસ એમ૦ એ૦ પીએચ૦ ડી૦ ચીફ લાઇબ્રેરીયન ઇન્ડીયા ઓફીસ, લંડન.

● ધી ઓનરેબલ સર ઇલિયટ ગ્રાહમ કાલવિન, કે૦ સી૦ એસ૦ આઇ૦, સી૦ એસ૦ આઇ૦, આઇ૦ સી૦ એસ૦, રાજપુતાનાના એજંટ ટુ ધી ગવર્નર જનરલ.

† ડા૦ એલ૦ પી૦ ટેસીટોરી એમ૦ એ૦ પીએચ૦ ડી૦ (ઇટલી)

વિષાદ કરી અકળાય-સૂરિ૦ ॥૧૦॥
કાશી નરેશના પત્રથી મ્હારા વ્હાલા રે,
રાણાજીનું× મન લોભાય-સૂરિ૦
આમંત્રણે આદર કરી મ્હારા વ્હાલા રે,
ઉપદેશ દિલમાં સુહાય—સૂરિ૦ ॥૧૧॥
સફળ થયો દિન આજનો મ્હારા વ્હાલા રે,
એમ બોલે રાણા મહારાજ—સૂરિ૦
એકવીસ જીવ અભય કર્યાં મ્હારા વ્હાલા રે,
જીહાં લગે રહે આ રાજ—સૂરિ૦ ॥૧૨॥
સંવેગ રંગમાં ઝીલતા મ્હારા વ્હાલા રે,
જયન્તે ગ્રહ્યું એ નિધાન*—સૂરિ૦
રાજનગર પોળ પોળમાં મ્હારા વ્હાલા રે,
હજારો જન મેદની માન—સૂરિ૦ ॥૧૩॥
વ્યાખ્યાનથી સંતોષીઆ મ્હારા વ્હાલા રે,
ત્યાગે વ્યસનો મહાનુભાવ—સૂરિ૦
નિન્દક જવાસા સુકાઈ ગયા મ્હારા વ્હાલા રે,

---

× હિંદુ સૂર્ય મહારાજાધિરાજ મહારાણા શ્રીફતેહસિંહજી સાહેબ બહાદુર, ઉદયપુર [મેવાડ]

* જયન્તવિજય અને નિધાનવિજયે ઉદયપુરમાં ચારિત્ર ગ્રહણ કર્યું.

પ્રતિ ગ્રામે વ્યાખ્યાનના ભાવ-સૂરિ૦ ॥૧૪॥
ઉપરિયાળા તીર્થના મ્હારા વ્હાલા રે,
થયો મેળો સૂરિ સદ્બોધ—સૂરિ૦
સાધારણની પોષણા મ્હારા વ્હાલા રે,
ખાસ ગુરૂજીનોએ બોધ-સૂરિ૦ ॥૧૫॥
બોર્ડિંગ લીંબડી થાપીને મ્હારા વ્હાલા રે,
આવે પાલીતાણે સૂરિરાય-સૂરિ૦
ગિરિવર દરિસણ ફરસના મ્હારા વ્હાલા રે,
કરે શિષ્ય સુગુણ સમુદાય-સૂરિ૦ ॥૧૬॥
ઑવન§ દરિસણે આવતા મ્હારા વ્હાલા રે,
ચીમનભાઇ× નો ઘણો પ્યાર-સૂરિ૦
યોગોપધાન કરાવતા મ્હારા વ્હાલા રે,
થયો ઉત્સવ અતિ મનોહાર-સૂરિ૦ ॥૧૭॥
તળાટી તંબુ ખેંચાવી ને મ્હારા વ્હાલા રે,
કરાવે ઑવન વ્યાખ્યાન-સૂરિ૦

---

§ મી૦ ટયુડર ઓવન સાહેબ, ગોહિલવાડ પ્રાંતના એજંટ અને પાલીતાણા, ભાવનગર વિગેરેના એડમિનિસ્ટર.

× શ્રીયુત ચીમનલાલ ગિરધરલાલ મહેતા, સેંટલમેંટ ઓફીસર અને પાલીતાણા સ્ટેટના દિવાન.

યાત્રા કરો તીર્થ આપનું મ્હારા વ્હાલા જીરે,
ધર્મ મંગળ વદે ઑવન-સૂરિ૦ ॥૧૮॥

શ્લોક.

स्वच्छैर्मनोमोदकमोदकाद्यैर्मिष्टान्नकैर्नैकविधैः सुमिष्टैः ।
जगत्प्रसिद्धप्रभुतं मुनीन्द्रं यजामहे मानसमिष्टवृत्यै ॥१॥

ॐ ह्रीं श्रीं विजयधर्मसूरिगुरुदेवचरणकमलेभ्यः नैवेद्यार्चां निर्वपामि स्वाहा ॥

---

# આઠમી ફલ પૂજા ॥

## દુહો.

આઠમી ફલ પૂજા કરૂં શુભ ફલ રૂપ નિધાન
સૂરિ પૂજનથી વામીએ દુઃખ દોહગનાં નિદાન ॥૧॥

## ઢાલ.

(આશા ધરીને હું તો આવીઓ જીણુ-દજી-એ દેશી.)

આશા કરીને હું તો આવીઓ-સૂરીશજી,

લીધા વિના નવી જાઉંરે-માયા તોરી લાગીરે સૂરીશજી,
તુમ ચરણની ચાકરી—સૂરીશજી,
માગું છું દીન દયાલરે—માયા૦
ફૂલ પૂજા કરૂં ભાવથી-સૂરીશજી,
શિવસુખ ફૂલની કાજરે-માયા૦
ભાવનગરે ગુરૂદર્શને-સૂરીશજી,
જીહાં ગુરૂદેવના પાયરે-માયા૦ ॥૧॥
આપે વ્યાખ્યાન ઘણા પ્રેમથી-સૂરીશજી,
સાર્વજનીન હિતકારરે-માયા૦
પટણી+ સાહેબ આવી મળે-સૂરીશજી,
પીવે જ્ઞાનામૃત ધારરે-માયા૦
સ્તવી તાલધ્વજ ને ગયા-સૂરીશજી,
જન્મભૂમિ મહુવામાં ધારરે-માયા૦
ઉપદેશ આપે નવ નવા—સૂરીશજી,
સુનાવાળા§ ધરે પ્યારરે-માયા૦ ॥૨॥
શ્રવણ મનનથી રાગી થયા-સૂરીશજી,
કર્યું બીજું અપૂર્વ કાજરે-માયા૦

---

+ સર પ્રભાશંકર પટણી, ભાવનગર કાઉન્સીલ એડમીનીસ્ટ્રેટર.

§ મી૦ અરદેસરજી જમશેદજી સુનાવાળા, બી૦ એ૦ એલ૦ એલ૦ બી૦, જજ, ભાવનગર સ્ટેટ.

વેપારી ઘી મિશ્રણ કરી-સૂરીશજી,
વેચે વિદેશે તજી લાજરે-માયા૦
સંહાર અસંખ્યાત જીવનો—સૂરીશજી,
કરાવ્યો સર્વથા ત્યાગરે-માયા૦
બાળાશ્રમ એક થાપીયું-સૂરીશજી,
ચોમાસું અમરેલી રાગરે—માયા૦ ॥૩॥
પાખી પળાવી આખા શહેરમાં-સૂરીશજી,
સંવત્સરી દિન સારરે--માયા૦
મરકીનો રોગ નાશી ગયો—સૂરીશજી,
મુસલમાનો પાળે પ્યારરે—માયા૦
બંગાલ, ઇટલી, જર્મની—સૂરીશજી,
સોસાઈટીએ ધરી ભાવરે—માયા૦
મેમ્બર એસોસીયેટ થાપીયા-સૂરીશજી,
ભાગ્ય ભારતનું એ ભાવરે—માયા૦ ॥૪॥
ગિરનાર યાત્રાએ આવીઆ—સૂરીશજી,
ભેટવા શ્રીનેમિનાથરે—માયા૦
ભાવે યાત્રા જગદીશની—સૂરીશજી,
હર્ષ ધરી કરે સાથરે-માયા૦,
રેંડાલ† સાહેબ મળે પ્રેમથી-સૂરીશજી,

---

† રેંડાલ સાહેબ, એડમીનીસ્ટ્રેટર જુનાગઢ સ્ટેટ.

ડાકટર નરશી¶ ગુણ ગાયરે—માયા૦
અલબેલી મુંબઈ આવીઆ—સૂરીશજી,
દેખી પ્રજા ખુશ થાયરે—માયા૦ ॥૫॥
ઉપદેશક* મંડળ કરે-સૂરીશજી,
ન્યૂન લક્ષદ્રય દ્રવ્ય ધારરે-માયા૦
‡મુંબઈ ગવર્નર આમંત્રણે—સૂરીશજી,
કરે પ્રજા હિત સુવિચારરે—માયા૦
થોમસ× દરિસણે આવીયા—સૂરીશજી,
આપે જૈન ધર્મ વ્યાખ્યાનરે-માયા૦
ગોકળદાસ મોરાર હોલમાં—સૂરીશજી,
જૈનેતરોના ખુલે કાનરે-માયા૦ ॥૬॥
સેવા જહાજ માંડયું ડૂબવા—સૂરીશજી,
કરે કાયા નગરીનો નાશરે—માયા૦
નાસિક ખાનદેશથી ઇન્દોરમાં-સૂરીશજી,

---

¶ ડાકટર નરશીદાસ, ચીફ સરજયન જુનાગઢ સ્ટેટ.

* શ્રીવીરતત્વપ્રકાશકમંડલની મુંબઇમાં સ્થાપના કરી જેના ફંડમાં પોણાબેલાખ રૂ૦તેજ વખતે થયા હતા.

‡ મુંબઇ ગવર્નર લોર્ડ વિલીંગ્ડન.

× ડા૦ એફ૦ ડબલ્યુ૦ થોમસ એમ૦ એ૦, પીએચ૦ ડી૦ ચીફ લાઇબ્રેરીયન ઇંડીયા ઓફીસ, લંડન.

બાલચંદ્રક ગુણ ગાયરે—માયા૦
ઉપચાર કર્યા બહુ જાતના-સૂરીશજી,
ગયો ન રોગ લગારરે-માયા૦
આગરા શહેર પધારતાં-સૂરીશજી,
શિવપુરીમાં રહ્યા વાસરે-માયા૦ ॥૭॥
ભિષગ્વરો પણ બહુ મળી-સૂરીશજી,
સેવા કરે પારાવારરે—માયા૦
ખરા દિલની સંઘ વિનતી-સૂરીશજી,
માની લ્યે સૂરિ ધરી પ્યારરે—માયા૦
સીલ્વન લેવી× દંપતી મળી-સૂરીશજી
દરિસણે આવે તે વારરે—માયા૦
સ્યાદ્વાદ રહસ્ય સમજાવતા-સૂરીશજી,
કાપતા સંશયોનો ઘાતરે-માયા૦ ॥૮॥
અન્તિમ સમય જાણી કરી-સૂરીશજી,
ધરે સમાધિ સૂરિ આપરે-માયા૦
ચઉસરણ ભાવે ભાવના—સૂરીશજી,
પંડિતમરણની એ છાપરે-માયા૦

---

ક શ્રીમાન્ શેઠ નથમલજી ગંભીરમલજી વાલા શેઠ બાલ-ચંદજી મુ૦ ઇંદોર.

× ડા૦ સીલ્વન લેવી. પીએચ૦ ડી૦ ફ્રાન્સ.

છત્તીસ કલાક સમાધિમાં-સૂરીશજી,
કર્યું અનશન દુઃખ નાશરે-માયા૦
કર્મે રહ્યો હું પ્રભુ વેગળો-સૂરીશજી
ન રહ્યો પ્રભુ તુમ પાસરે-માયા૦ ॥૯॥

વીર વીર મુખ ઉચ્ચરે-સૂરીશજી,
અનન્ત ચતુર્દશી ખાસરે-માયા૦
સંવત ઓગણી અઠ્ઠોતરે-સૂરીશજી,
કર્યો પ્રભાતે દેહ ત્યાગરે-માયા૦
ભારત ભાનુ તે ગયો આથમી-સૂરીશજી,
થયો વજ્રઘાત અથાગરે—માયા૦
ધર્મ મંગળ શોક સાગરે-સૂરીશજી,
સ્વર્ગમાં મંગળ ગવાયરે-માયા૦ ॥૧૦॥

# કલશ

ગાયો ગાયોરે શ્રીધર્મસૂરીશ્વર ગાયો;
શાસન નાયક શિવ સુખ દાયક,
જગબોધક જગનાહો;
તીર્થપતિ મહાવીર પ્રભુના,
પંચમ ગણધર ગાવોરે-શ્રીધર્મ૦ ॥૧॥

પાટ અઠ્ઠાવનમી દીપાવી,
બોધી અકબર ગુરૂ હીરો;
સત્ય ક્રિયાનો ઉદ્ધાર કરીને,
સત્યવિજય વડવીરોરે-શ્રીધર્મ૦ ॥૨॥

સંવેગ રંગ તરંગમાં ઝીલે,
દુઃખદાયી કર્મોને પીલે;
કપૂર ક્ષમા ઉત્તમ ગુણધારી,
કીર્તિ કસ્તૂર મન ભાવોરે-શ્રીધર્મ૦ ॥૩॥

ચિંતામણી સમ મણીવિજયના,
બુદ્ધિ વિજય દિલ ભાવો;
શાન્ત સુધારસે રમણ કરંતા,
વૃદ્ધિવિજય સુખદાયોરે-શ્રીધર્મ૦ ॥૪॥

દેશી વિદેશી બુધ જન બોધક,
જ્ઞાનામૃત ગુણ કયારો;
પરમ ગુરૂ વિજય ધર્મસૂરીશ્વર,
પાટે સુંદર સુહાયો રે-શ્રીધર્મ૦ ॥૫॥

અનન્ત ચતુર્દશી દિન અત્યુત્તમ,
અગણિત સુખ નિપાયો;
શેઠ લક્ષ્મીચંદ્ર બેદ સૌભાગી,
ગુરૂ ભક્તિ મન લાયો રે—શ્રીધર્મ૦ ॥૬॥

શિવપુરી માંહે લહ્યું નિર્વાણ,
સંઘમાં શોક છવાયો;
ભક્તિ કરી ગુરૂદેવની સારી,
અગણિત પુણ્ય નિપાયોરે—શ્રીધર્મ૦ ॥૭॥

સંવત ઓગણી એંસી અષાઢી,
વદી દશમી દિલ ધારો;
શ્રીવિજયેન્દ્ર સૂરીશ્વર રાજ્યે,
પૂજા પ્રકાર બનાવ્યોરે—શ્રીધર્મ૦ ॥૮॥

*ઉગ્રસેનપુર બેલનગંજમાં,
સુપાર્શ્વ પ્રભુ જિન રાયો;
સેવન પામી દુઃખને વામી,
ધર્મ મંગળ ગુણ ગાયો રે—શ્રીધર્મ૦ ॥૯॥

શ્લોક.

फलस्य लाभाय महोदयस्य फलैर्मनोहारिभिरुच्चकद्यैः ।
तृतीयकर्त्त परमेष्ठिपादं यजामहे कामितकामधेनुम् ॥१॥

ॐ ह्रीं श्रीं विजयधर्मसूरिगुरुदेवचरणकमलेभ्यः फलार्चां
निर्वपामि स्वाहा ॥

* આગરા.

# આરતી

(અપ્સરા કરતી આરતી જિન આગે—એ દેશી)

વિજયધર્મસૂરિ આરતી કરો ભાવે,
હાંરે કરો ભાવેરે કરો ભાવે,
હાંરે જેથી ભવિજન દુઃખ ગમાવે,
હાંરે ચડતે શુભ ભાવ-વિજયધર્મ૦ ॥૧॥

મધુમતી નગરીમાં જનમીઆ સૂરિરાયા,
હાંરે નામ મૂલચંદ્ર કહી ગાયા,
હાંરે માતા કમલાદે હુલરાયા,
હાંરે રામચંદ્ર તનુજ—વિજયધર્મ૦ ॥૨॥

વૃદ્ધિચંદ્ર ગુરૂરાજજી સુખદાયા,
હાંરે એ છે તપગચ્છ કેરો રાયા,
હાંરે તસ પાટે સુન્દર સુહાયા,
હાંરે જગમાં વિખ્યાત-વિજયધર્મ૦ ॥૩॥

દેશ દેશાન્તર વિચરતા સૂરિરાયા,
હાંરે જૈન શાસનમાં જયકારા,
હાંરે ઉદ્ધર્યા જગ જન્તુ અપારા
હાંરે તસ ધરીએ ધ્યાન-વિજયધર્મ૦ ॥૪॥

જૈન જૈનેતર વર્ગમાં નામ પાયા,
હાંરે ખૂબ શાસન રંગ જમાયા,
હાંરે નાસ્તિક કલંક મિટાયા,
હાંરે બુધ જન ગુણ ગાય—વિજયધર્મ૦ ॥

ત્રણ રત્ન ચળકે પ્રભુ પાસ ભારી,
હાંરે તસ તેજ જગત સુખકારી,
હાંરે વિરતિ સુહાગણ સારી,
હાંરે ભવિ જન હિતકાર-વિજયધર્મ૦ ॥૬॥

ઉત્તમ ગુણ ભંડાર છો પ્રભુ મ્હારા,
હાંરે કહેતાં ન આવે ભવ પારા,
હાંરે કરો આરતી ભવિ સુખકારા,
હાંરે મંગલ ગુણ માલ—વિજયધર્મ૦ ॥૭॥

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:



## આગરા, બેલનગંજ મંડન સુપાર્શ્વનાથજીનું સ્તવન.

(શ્રુત પદ ભજીએ ભાવે ભવિયાં, શ્રુત છે જગત અધારોજીરે-એદેશી)

સપ્તમ જિનવરને ભવિ નમીએ,
વિષય કષાયને વમીએ જીરે;
ઉગ્રસેનપુર બેલનગંજમાં,
સુપાર્શ્વ પ્રભુજીને ભજીએ-જિનવર નમીએ જીરે;
જિનવર નમીએ ભાવે ભવિયાં,
જિન છે જગત આધારો-જિનવર૦ ॥૧॥

ઉત્સવ અનુપમ તીહાં બહુ દીસે,
દેખી ભવિ મન હરષે જીરે;
પ્રભુ પ્રતિષ્ઠા કરવા વિષે,
સંઘ સહુ ત્યાં વિશેષે-જિનવર૦ ॥૨॥

ચાલો તો જોવાને જઇએ,
સુપાર્શ્વ પ્રભુ દરબાર જીરે;
વૈશાખ સુદી સપ્તમી સોમવાર,
શુભ મુહૂર્ત નિરધાર-જિનવર૦ ॥૩॥

મૂલનાયક સુપાર્શ્વ પ્રભુજી,
પદ્મ વાસુપૂજ્ય સાર જીરે;
જગ ચિંતામણી જગ દુઃખ વારક,
જગ તારક સુખકાર—જિનવર૦ ॥૪॥

માતંગ યક્ષને શાન્તા દેવી,
મણિભદ્ર સુખકારૂ જીરે;
જગ ઉદ્ધાર કરણ જગતારૂ,
રત્નપ્રભ સૂરિ વારૂ—જિનવર૦ ॥૫॥

જગદ્ગુરૂ શ્રી હીરસૂરીશ્વર,
ચરણ પાદુકા નિહાળુ જીરે;
ગુરુમંદિર દીસે રઢીઆળું,
ધર્મસૂરિ સુખકારૂ—જિનવર૦ ॥૬॥

સમવસરણની શોભા સારી,
મોહ્યા જગ નરનારી જીરે;
પંચ તીરથ રચના ઘણી પ્યારી,
ભવિ જન મન હરનારી-જિનવર૦ ॥૭॥

અષ્ટાપદ ગિરનાર તારંગા,
સમેતશિખર નિરધાર જીરે;
ગજસુકુમાળ ઈલાચીકુંવરના,
ભાવ તે ભવ જલ પાર—જિનવર૦ ॥૮॥

હજારો જન મેદની મળીને,
કરે દરશન શુભ ભાવે જીરે;
જૈન જૈનેતર ભેદ ન જાણે,
સમવસરણના પ્રભાવે-જિનવર૦ ॥૯

અઠ્ઠાઈ મહોત્સવને રથયાત્રા,
સ્વામિવત્સલ નવ દિન જીરે;
જ્ઞાનમંદિરને પદવી પ્રદાન,
વિજયેન્દ્રસૂરિ ત્યાં પ્રધાન—જિનવર૦ ॥૧૦॥
ઓગણી અગનાશી સાલ તે સોહે,
લક્ષ્મીચંદ્ર મન મોહે જીરે;
લાખો રૂપીઆનો વ્યય કરીને,
ભવ પાતક ને વિછોહે-જિનવર૦ ॥૧૧॥
ધન્ય ધન્ય ચુનીબાઈ તનુજને,
નરનારી મળી બોલે જીરે;
ધન્ય ગુરૂ વિજયધર્મસૂરિના,
ઉપદેશ નહિ કોઈ તોલે-જિનવર૦ ॥૧૨॥
હરખી નિરખી ગાવે સુગુણબાઈ,
સખીઓ વૃંદ સોહાવે જીરે;
લક્ષ્મીચંદ્રની પુણ્ય કમાઈ,
નરવધુ મળી સવિ ગાવે-જિનવર૦ ॥૧૩॥
અમર, મોહન, ફુલચંદ્ર મળીને,
ભકિત કરે ઘણા ભાવે જીરે;
પુણ્યના થોક કમાવે અનુપમ,
ધર્મ મંગલ વર્તાવે—જિનવર૦ ॥૧૪॥

# ગહુંલી—૧

(ભગવતી સૂત્રના જમાલિ અધિકારમાં આવેલ
"ક્રિયમાણં કૃત" ના નિરૂપણ યુક્ત.)

ભવિ તુમે સુણજોરે ભગવતી સૂત્રની વાણી,
હૃદયે હરખોરે પુણ્ય તણી એ કમાણી.
ઇંદ્રભૂતિ સર્વ જીવ હિતકારી, પ્રશ્નો કરે મનોહારી;
દ્રવ્યાનુયોગ પરિસ્ફુટ કરવા,
કર્મ મલ સવિ હરવા—ભવિ તુમે૦ ॥૧॥
ક્રિયમાણ કૃતં તે દાખ્યું, જગત પ્રભુએ ભાખ્યું;
સુણી જમાલી વ્યાપ્યું આતમમાં,
મિથ્યા રસ વિષ ઘટમાં—ભવિ તુમે૦
ક્રિયમાણં કૃત નવિ હોવે, કાલ ભેદ સવિ જોવે;
યુક્તિ યુકત જે ભેદ ન નીરખે,
તે કેમ સદવસ્તુ પરખે—ભવિ તુમે૦ ॥૨॥
તથ્ય નહિ જમાલી વચન એ, વીર જિણંદ એમ બોલે;
નિશ્ચયનય અભિપ્રાય ન સમજે,
વ્યવહારમાં તે સરજે—ભવિ તુમે૦
નેતરાં લઈ વલોવવા બેસે, રહસ્ય જો હૃદયે ન પેસે;
બે ખેંચે બે ઢીલાં જો મુકે,
માખણ તેહથી તો ચુકે—ભવિ તુમે૦ ॥૩॥

એક ખેંચે એક મુકે જો ઢીલું,
તો માખણ લહે વેલું;
એ દૃષ્ટાંત હૃદયે નિહાળી,
ક્રિયા કરજો રૂપાળી—ભવિ તુમે૦
નિશ્ચયનયે ક્રિયમાણ કૃતં છે, કૃત કૃતં વ્યવહારે જાણો;
પટ દૃષ્ટાંતને રાખી અગાડી,
ઉપનય મન પહેચાણો—ભવિ તુમે૦ ॥૪॥
પ્રથમ તંતુ પ્રવેશ સમયમાં, જેટલો પટ નિપજાય;
તેટલો નહિં અવરથી થાય,
જેટલો પ્રથમે કરાય—ભવિ તુમે૦
તે માટે ક્રિયમાણ કૃતં તે, જાણો સવિ મન ભાવે;
પિષ્ટપેષણ જો કરવા લાગે,
અનવસ્થા દોષ તો આવે—ભવિ તુમે૦ ॥૫॥
મિથ્યાભિમાને વ્યાકુલ થઇને, શિષ્ય ઉપર દોષ આણે;
આણા વંશ ન હાથમાં રાખે,
સત્યને કેમ તે પીછાણે—ભવિ તુમે૦
સત્ય વસ્તુ ન જાણે અજ્ઞાની,
મિથ્યાત્વની એ નિશાની;
તજી મિથ્યાત્વ જો સમ્યકત્વ ધરશો,
ધર્મ મંગલ ગુણ વરશો—ભવિ તુમે૦ ॥૬॥

# ગહુંલી—૨

(મ્હેતાજીરે શું મહી મૂલ બતાવું, ચાખ્યા પછી ભાવ જણાવું-એ દેશી)

ગુરૂજીરે વિજયધર્મ સૂરિરાયા, ઉગ્રસેનપુર માંહે આવ્યા;
ભાખે અંગ પાંચમું મનોહારરે,
ભગવતી અભિધા ધરાયરે,
જ્ઞાનામૃતથી તે ઉભરાયરે,
વ્યાખ્યાપ્રજ્ઞપ્તિરે નામ છે તે વળી બીજું-
સુણી સુગુણપતિ મન રીજ્યું—ગુરૂજીરે૦ ॥૧॥

સ્વસ્તિક મોતીના કરાવેરે,
ગુણ નર નારી મળી ગાવેરે,
ગુરૂ સન્મુખ જઇને વધાવેરે,
મન ઉલ્લસિતરે ભાવે તે ભાવના ભાવે-
નિજ દુરિત તે સઘળાં ખપાવે—ગુરૂજીરે૦ ॥૨॥

અનુયોગ તે ચાર કહાવે રે,
દ્રવ્યાનુયોગ મન ભાવે રે,
પ્રાધાન્યતા તેહની ધરાવેરે,
ઇન્દ્રભૂતિરે સુન્દર પ્રશ્નો ઉઠાવે—
જગ નાયક ઉત્તર ભાવે—ગુરૂજીરે૦ ॥૩॥

પ્રશ્નોત્તર પ્રચુરની ખાણીરે,

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ નામ ઠરાણીરે,
સૂત્રરૂપે તે સરસ ગુંથાણીરે,
સૂરિ ભાવેરે મન મંદિર પધરાવે—
જોઈ અન્તરાતમ હરખાવે—ગુરૂજીરે૦ ॥૪॥
દાદા હીરસૂરિ દરવાજેરે,
સૂરિ વચન ધ્વનિથી ગાજેરે,
પુષ્પ, અમર, મોહન, શુભ રાજે રે,
તેજસ્વી રે અનુપમ છો સૂરિ મ્હારા—
ધર્મ મંગલ બહુ કરનારા—ગુરૂજીરે૦ ॥૫॥

## ગહુંલી—૩

(સમવસરણ સુરવર રચેરે, પૂજા ફુલ વિશેષ—
સાહેબ શિવ વસીયા—એ દેશી.),

પંચમ અંગ સોહામણુંરે,
વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સાર સૂરિજી ગુણ રસીયા,
ઉગ્રસેનપુર આવીનેરે,
કરતા ભવિ ઉપકાર ,, મન વસીયા
પ્રથમ શતક માંહે પ્રભુરે,
શ્રીગૌતમ ગણધાર ,, ગુણ રસીયા
પૂછે પ્રશ્નો તીહાં પ્રભુરે,
આપે ઉત્તર મનોહાર ,, મન વસીયા ॥૧॥

પ્રથમ ચાર ઉત્પાદનારે,
પંચ વિગમ મન ભાવ સૂરિજી ગુણ રસીયા
ચલમાન ચલિત કહ્યુંરે,
ઉદય સ્થિતિ ક્ષયે ભાવ ,, મન વસીયા
ઉદયમાં જેહ આવીયુંરે,
ઉદિત તેહ વિભાવ ,, ગુણ રસીયા
અધ્યવસાયે આકર્ષિનેરે,
લાવે ઉદયમાં જે ભાવ ,, મન વસીયા ॥૨॥
ઉદીર્ણ કર્મ તે જાણવુંરે,
જે ઉદીર્યમાણ થાય ,, ગુણ રસીયા
ઉદિત કર્મની વેદનારે,
તે વેધમાન કહેવાય ,, મન વસીયા
વેદન બાદ જે નષ્ટતારે,
પ્રહીણ-પ્રહીયમાન ધાર ,, ગુણ રસીયા
તેહનું ફલ સારૂં નિપજ્યુંરે,
કેવલ જ્યોતિ ઉદાર ,, મન વસીયા ॥૩॥
સ્થિતિઘાત છેદને કહ્યોરે,
છિદ્યમાન તે છિન્ન ,, ગુણ રસીયા
રસઘાત તે ભેદમાંરે,
ભિદ્યમાન તે ભિન્ન ,, મન વસીયા
છેદ ભેદ વિગમ કહ્યોરે,

દહન વિગમ મન લાવ  સૂરિજી  ગુણ રસીયા
ધ્યાનાગ્નિથી બાળવારે,
દહ્યમાન દહન ભાવ  ,,  મન વસીયા ॥૪॥
ચરમ મરણ ફલ તેહનુંરે,
મ્રિયમાણ મૃત વિભાવ  ,,  ગુણ રસીયા
સવિ કર્મની નિર્જરારે,
શૈલેશી અવસ્થાના ભાવ  ,,  મન વસીયા
વિગમન્તે પંચમ કહ્યુંરે,
ફલ નિર્વાણ કહેવાય  ,,  ગુણ રસીયા
શુદ્ધ પરમાતમ રૂપ થઇરે,
જ્યોતિમાં જ્યોતિ મિલાય  ,,  મન વસીયા ॥૫॥
તેહજ મોક્ષ જાણવોરે,
સકલ કરમનો અભાવ  ,,  ગુણ રસીયા
આ અભિપ્રાય મનમાં ગ્રહીરે,
ચલન પ્રશ્ન ઉઠાવ  ,,  મન વસીયા
નવ પ્રશ્નો તે ગંભીર છેરે,
અર્થ ઘણો વિસ્તાર  ,,  ગુણ રસીયા
તે વિના મોક્ષ માર્ગ નહિંરે,
ધર્મ મંગલ ધરે પ્યાર  ,,  મન વસીયા ॥૬॥

# ગહુંલી—૪

(સજની મોરી રાજગૃહી નગરી ઉદ્યાનરે—એ દેશી.)

સજ્જન પ્યારા જિન વાણી સુણવા કાજેરે,
,, ,, ચાલોને જઇએ શુભ સાજેરે,
,, ,, સૂરિ મુખકમલ વધાવોરે,
,, ,, નિરખીને મન હરખાવોરે ॥૧॥
,, ,, સોળમાં શ્રી જિનરાયરરે,
,, ,, ચરિત્ર તેહનું સુખદાયારે,
,, ,, બાર ભવ રૂડા વિખ્યાતરે,
,, ,, સુણતાં હોય સુખશાતરે ॥૨॥
,, ,, દૃષ્ટાંત રોચક કહેવાયરે,
,, ,, મેઘરથ ભવ સુખદાયરે,
,, ,, પારેવાની દયા આણીરે,
,, ,, ત્રાજવે તોળે મમતા નાણીરે ॥૩॥
,, ,, નિજ દેહ કાપી કાપી મુકેરે,
,, ,, સરખું ન થાય તેથી ઝુકેરે,
,, ,, દુઃખ અન્તેઉર ઘણું થાયરે,
,, ,, તો પણ ધૈર્ય ન છોડાયરે ॥૪॥
,, ,, કાયા માટી સમ જાણીરે,
,, ,, તૃપ્ત થાઓ બીજાં પ્રાણીરે,

સજ્જન પ્યારા દેવ પરીક્ષા કરાયરે,
" " ધન્ય ધન્ય વાદ ઉચ્ચરાયરે ॥૫॥
" " ધીર વીર સુખકન્દારે,
" " આપોને સુખ અમન્દારે,
" " દયા તે અપૂર્વ કહેવાયરે,
" " બીજા તે નામધારી થાયરે ॥૬॥
" " ધર્મ બ્હાને દયા પાળેરે,
" " વાસી વિદલ ઉઠાવેરે,
" " *આચાર બોળ ન ત્યાગેરે,
" " ભક્ષક તે દયાના અથાગરે ॥૭॥
" " રત્નપ્રભાનું રાજ પાવેરે,
" " દરિસણ તે ન સુહાવેરે,
" " સૂરિજી વદે એમ વાણીરે,
" " ધર્મ મંગલ ગુણ ખાણીરે ॥૮॥

## ગહુંલી—૫

(જીરે મ્હારે લોભ તે દોષ અથોભ,
પાપસ્થાનક નવમું કહ્યું જીરેજી—એ દેશી)

---

* અથાણું.

જીરે મ્હારે વિજયધર્મ સૂરિરાય,
દેશના અમૃત વરસતા જીરેજી;
જીરે મ્હારે ભવ્ય ચાતક ધરી પ્રેમ,
શુદ્ધ હૃદયથી પીવતા જીરેજી ॥૧॥
જીરે મ્હારે આશાંબર બુધ લોક,
દુર દેશથી આવીઆ જીરેજી;
જીરે મ્હારે પત્રિકા વ્યાખ્યાન કાજ,
કાઢીને સર્વ બોલાવીઆ જીરેજી ॥૨॥
જીરે મ્હારે તેહના મંદિર માંહે,
સભા ભરી રળીયામણી જીરેજી;
જીરે મ્હારે સુણી સભાનું સ્વરૂપ,
ભાગ્યા બુધો હાંસી ઘણી જીરેજી ॥૩॥
જીરે મ્હારે અવનતિ જૈનની દેખી,
સૂરિ આમંત્રણે આવીઆ જીરેજી;
જીરે મ્હારે વિનતિ માની તત્કાલ,
સહુ જનને મન ભાવીઆ જીરેજી ॥૪॥
જીરે મ્હારે સુણી વ્યાખ્યાન સ્વરૂપ,
સભ્યો મનથી આણંદીઆ જીરેજી;
જીરે મ્હારે જૈનશાસન જયઘોષ,
સહુના મુખથી નીકળ્યો જીરેજી ॥૫॥
જીરે મ્હારે આશાંબર જૈન લોક,

તેહનાં મનમાં બહુ ગમ્યો જીરેજી;
જીરે મ્હારે શાસન શોભા કાજ,
ન ગણે તે નિજ પ્રાણને જીરેજી ॥૬॥
જીરે મ્હારે ધન્ય ધન્ય તે સૂરિરાય,
શાસન ખૂબ દીપાવતા જીરેજી;
જીરે મ્હારે જૈનશાસન જયકાર,
ધર્મ મંગલ વરતાવતા જીરેજી ॥૭॥

## ગહુંલી–૬

(ભરતને પાટે ભૂપતિરે, સિદ્ધિ વર્યા એણે ઠામ સલુણા–એ દેશી)

ધન્ય ધન્ય તે સૂરિરાયનેરે,
કરતા ભવિ ઉપકાર સલુણા;
મહાવ્રત પાલન તત્પરારે,
સર્વસંપત્કરે આહાર સલુણા;
શત્રુ મિત્ર સમ ભાવતારે,
સ્વાધ્યાય પંચ પ્રકાર સલુણા;
જગબોધક તે સૂરિ વિનારે,
જન્મ ફોક મન ધાર સલુણા—ધન્ય ધન્ય૦ ॥૧॥
છત્રીસ ગુણોએ શોભતારે,
ક્ષોભતા કર્મના વૃન્દ સલુણા;

બ્રહ્માસ્રને કર ગ્રહીરે,
તોડતા મોહ દુઃખ દ્વન્દ સલુણા;
પરિસહ ફોજમાં મ્હાલતારે,
ઉપસર્ગો રહે તેથી દુર સલુણા;
ધર્મોપદેશમાં વીર્યતારે,
ફોરવતા ધરી પ્યાર સલુણા—ધન્ય ધન્ય૦ ॥૨॥
સંવેગ રંગમાં ઝીલતારે,
કાઢતા મિથ્યાત્વ કીલ સલુણા;
કરણસત્તરી ચરણસત્તરીરે,
પાલતા ન કરે ઢીલ સલુણા;
યોગાસન ધ્યાન મન ધરીરે,
અસ્થિરતા કરે દૂર સલુણા;
તપ તપતા બહુ જાતિનારે,
બાહ્યાભ્યન્તર ધાર સલુણા—ધન્ય ધન્ય૦ ॥૩॥
સુમતિ સોહાગણ ગોદમાંરે,
કુમતિને કાઢી દૂર સલુણા;
વિરતિ વનિતાને ચિત્ત ધરીરે,
ધર્મધ્યાન મન સાર સલુણા;
વિકથા ચારને પરિહરીરે,
શાસન રંગ જમાય સલુણા;
ધર્મ મંગલ સૂરિ તાહરોરે,
ભવો ભવ ગુણ ન ભુલાય સલુણા—ધન્ય ધન્ય૦ ॥૪॥

# ભજન—૧

(ચેત તો ચેતાવું તનેરે, પામર પ્રાણી-એ દેશી)

જાગો જાગો ભવી પ્રાણીરે, સુણો વાત મ્હારી;
પ્રમાદની પીલો ઘાણી, જાવાનું લ્યો ખરૂં માની,
અન્તે બાજી ન રહેવાનીરે, સુણો વાત મ્હારી;
ડાભની અણીની ઉપર, જલના બિન્દુના જેવું,
જીવનને માની લેવુંરે, સુણો વાત મ્હારી--જાગો૦ ॥૧॥
મીલોના વેપાર કરી, કર્માદાને પેટ ભરી,
મમતાએ જીવો હણીરે, સુણો વાત મ્હારી;
ચરબી રૂધિર ભર્યાં, યંત્રોથી મન મોહ્યાં,
વસ્ત્રો જુઓ સારાં બન્યાંરે, સુણો વાત મ્હારી-જાગો૦ ॥૨॥
વસ્ત્રો પહેરી ધર્મ ભુલ્યો, કર્મમાં રહે તું ઝુલ્યો,
ભલું ત્હારૂં કેમ થાશેરે, સુણો વાત મ્હારી;
ગાડી લાડી વાડી કાજે, હિંસા અપાર કીધી,
સેવા તે મન માની લીધીરે, સુણો વાત મ્હારી-જાગો૦ ॥૩॥
અટવી સમુદ્ર ચાલ્યો, દુઃખ ન તેં મન આણ્યો,
ધક્કા ખાધા ન કમાયોરે, સુણો વાત મ્હારી;
ધર્મનું કામ આવે, ખોટી ખોટી વાતો લાવે,
વચમાં વિઘન ભાવેરે, સુણો વાત મ્હારી--જાગો૦ ॥૪॥
વિકથામાં પહેલે ગાડે, વિષયોથી પાસ પાડે,

ધરમે ભાગવા માંડરે, સુણો વાત મ્હારી;
પારકી પંચાત માંહે, રખડે રાત દિન માંહે,
આત્માને ન પીછાનેરે, સુણો વાત મ્હારી–જાગો૦ ॥૫॥
આચાર વિચાર ખોઈ, કોલસાથી મોઢું ધોઈ,
દર્પણ લઈ જોવા બેઠારે, સુણો વાત મ્હારી;
એવા ભવી જીવ તણું, કલ્યાણ કોઈ રીતે થાય,
ધર્મ મંગલ નહિં રે, સુણો વાત મ્હારી–જાગો૦ ॥૬॥

## ભજન–૨

(માયામાં મનડું મોહ્યું રે—એ દેશી)


મત સૂવો ચેતન ભાઈ જાગોરે, ચેતીને જો તું;
નહિં આડા અવળા ભાગો, જ્યાં જશો ત્યાં કર્મનો લાગો,
ઘર રહોને છાના માનારે, ચેતીને જો તું;
તુમે આવ્યા છો એકીલા, તેમ જાશો ભાઈ એકીલા,
નહિં સાથે કોઈ અલબેલારે, ચેતીને જો તું—॥૧॥
સિંહ–વાઘે મોંમાં લીધો, હાથીએ સુંઢમાં કીધો,
સુલભ તેથી લઈ લીધોરે, ચેતીને જો તું;
જો કાલ હાથી પકડે, માબાપ આવી જો બગડે,
પણ ન છોડે તે કકડેરે, ચેતીને જો તું ॥૨॥

સ્વારથીયાં માય તાત, ભગિની કલત્ર ભ્રાત,
તે નહિં કોઈ થાય ત્રાતરે, ચેતીને જો તું;
આ સંબન્ધ છે ખોટો, જાણે પાણીનો પરપોટો,
મનમાં વાળે તું ગોટારે, ચેતીને જો તું ॥૩॥

સંયમ પુત્ર મન ભાવો, ઉપયોગ પિતા દિલ લાવો,
ધૃતિ માતાને શોભાવોરે, ચેતીને જો તું;
શીલ બન્ધુ છે તુમ્હારો, બીજો રહ્યો છે ન્યારો,
શાન્તિ સ્વસા મન ધારોરે, ચેતીને જો તું ॥૪॥

અનુપમ સમતા કાન્તા, રાખો ન મનમાં મમતા,
શુભ યોગમાં રહો રમતારે. ચેતીને જો તું;
ધર્મ સંન્યાસને ભાવો, જઈ પ્રમાદ જળાવો,
પરમાતમતા ચિત્ત લાવોરે, ચેતીને જો તુ ॥૫॥

એ ગુરૂ શિક્ષા મન ધરશે, ભવસાયર વ્હેલો તરશે,
નહિં તેહને કોઈ છેતરશેરે, ચેતીને જો તું;
સંયમ યોગે મન લાવો, કર્મ શત્રુને ભગાવો,
ધર્મ મંગલ બહુ ગવરાવોરે, ચેતીને જો તું ॥૬॥



# શ્રીસીમન્ધર સ્વામીનું સ્તવન.

મોહનગારા પ્રભુ વાણી ત્હારી લાગે પ્યારીરે,
લાગે પ્યારીરે ભવિ મન હરનારીરે—મોહનગારા૦

માલવ કૈશિકી મુખ્ય ગ્રામ રાગે,
આપે દેશના પ્રભુજી અથાગેરે—પ્યારે આપે૦
એકજ સૂત્રના અર્થો અનન્તા,
ભાખે સીમન્ધર ભગવન્તારે—પ્યારે ભાખે૦
મોહનગારા૦ ॥૧॥

દેવેન્દ્ર મળી ધ્વની પુરે વાંસળીએ,
શ્રવણ ગોચર ભવ ભય ટળીએરે-પ્યારે શ્રવણ૦
જાનુ પ્રમાણ તીહાં કુસુમની વૃષ્ટિ,
યોજન માંહે કરે દેવ સૃષ્ટિ—પ્યારે યોજન૦
મોહનગારા૦ ॥૨॥

ઇંદુ ધામ ઉજ્વલ ચમરાલી,
ઢાળે ઇંદ્રાણી મળી લટકાળીરે-પ્યારે ઢાળે૦
મૃગેંદ્રાસન સમોસરણે છાજે,
મેઘ ગંભીર પ્રભુ ધ્વની ગાજેરે—પ્યારે મેઘ૦
મોહનગારા૦ ॥૩॥

મૃગેંદ્ર સેવા એ મૃગ આવે,
સુણી દેશના દુઃખ વિગમાવેરે-પ્યારે સુણી૦
સહસ્ર સુરજ ભામંડલ નિરખો,
મિથ્યા તિમિરનો ન હોય ચરખોરે—પ્યારે મીથ્યા૦
મોહનગારા૦ ॥૪॥

ત્રિભુવનના સ્વામી કહેનારી,
છત્રત્રયી દુઃખ હરનારીરે-પ્યારે છત્ર૦
પ્રાજ્ય સામ્રાજ્ય અવર નવિ દીસે,
પ્રાતિહાર્ય દેખી મન હીસેરે—પ્યારે પ્રાતિ૦
મોહનગારા૦ ॥૫॥

ભાવ એ દેખીશ હું પ્રભુ કયારે,
શ્રેયાંસ સુત કહો જગ પ્યારેરે-પ્યારે શ્રેયાંસ૦
ધન્ય પુરૂષ જે સુણે તુમ વાણી,
ધર્મ મંગલ મન લલચાણીરે—પ્યારે ધર્મ૦
મોહનગારા૦ ॥૬॥

# શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

ભવિ તુમે નિરખોરે સિદ્ધાચલ ગુણ ખાણી,
નિરખી હરખોરે પુણ્ય તણી એ કમાણી.
ગિરિવર દરિસણ ફરસન કરવા,
શ્રીયુગાદિ જિન આવે;
પૂર્વ નવાણું વાર નિવાજે,
ગુણ અનન્ત શું રાજે-ભવિ તુમે૦ ॥૧॥

સિદ્ધ અનન્તનું સ્થાન એ કહીએ,
ધ્યાનથી શિવ સુખ લહીએ;
એ ધ્યાને ભય સઘલા નાસે,
દુઃખ દોહગ નાવે પાસે-ભવિ તુમે૦ ॥૨॥

ક્રોધાનલ બુઝવો ભવિ જન,
ક્ષમા જલ મનમાં લાવો;
આર્જવ વજ્ર ઝાંડા નિજ કર જન,
માન ગિરિને હઠાવો-ભવિ તુમે૦ ॥૩॥

માર્દવ તલવાર હાથમાં લઈને,
માયા વેલીને ઉઠાવો;
લોભસાગર તરવા દુઃખ હરવા,
સંતોષ સેતુ બંધાવો-ભવિ તુમે૦ ॥૪॥

ધર્મધ્યાન હૃદયે લાવીને,
પ્રમાદ પુંજ જલાવો;
વિકથા વેલીને પરિહરિને,
સુકથાએ મન ભાવો-ભવિ તુમે૦ ॥૫॥

જિનવાણી ઘણો પ્યાર કરીને,
સુણી વિરતીને મનાવો;
સમભાવે નિજ ઘરમાં રહીને,
પર ઘર દૂર ભગાવો-ભવિ તુમે૦ ॥૬॥

ચાર ભાવના મનમાં આળેખી,
તીરથ ભાવ દીલ લાવો;
નમઃ શ્રીતીર્થરાજાય પદનો,
જાપ અન્તર પ્રગટાવો-ભવિ તુમે૦ ॥૭॥

શિવમન્દિર નીસરણી એ ગિરિ,
પરમાતમ પદ ગાવો;
ભાવ ઉત્કૃષ્ટ જે ફરસે ભવિ જન,
શિવવધુ શીઘ્ર મેળાવો-ભવિ તુમે૦ ॥૮॥

ધન્ય એ તીરથ મ્હોટો મહીમા,
પાપી પાપ વિગમાવે;
ધર્મ મંગલ સુખ અનુપમ પાવે,
ગિરિ દરિસણ દિલ લાવે—ભવિ તુમે૦ ॥૯॥

# અમારે ત્યાં વેચાતાં જૈન પુસ્તકો.

૧-શ્રીઉત્તરાધ્યયન સૂત્ર-કમલસંયમી ટીકા યુક્ત, પ્રથમ ભાગ, પત્રાકાર. કિંમત ૩-૮-૦

૨-વિવેકમંજરી સટીક—પ્રથમ ભાગ, પત્રાકાર. (સંસ્કૃત) કિંમત ૨-૦-૦

૩-વિશેષશતક-પત્રાકાર ,, કિંમત ૦-૧૨-૦

૪-વિવેકવિલાસ-મુલ સંસ્કૃત હિંદી ભાષાન્તર સહીત. ઘટાડેલી કિંમત ૨-૦-૦

૫-સૂરીશ્વર અને સમ્રાટ અકબર (હિંદી) ,, ૪-૮-૦

૬- ,, ,, (ગુજરાતી) ,, ૩-૮-૦

૭-ગૌતમ પૃચ્છા (હિંદી) ,, ૦-૧૨-૦

૮-ધર્મ શિક્ષા—ગૃહસ્થોના ધર્મનું ઉત્તમોત્તમ વર્ણન. (હિંદી) ,, ૧-૦-૦

૯-જૈન રામાયણ—સાતમાં પર્વનું શુદ્ધ ભાષાંતર. (હિંદી) ,, ૪-૦-૦

૧૦-પેંતીસ બોલ. (હિંદી) ,, ૦-૪-૦

૧૧-વિજયધર્મસૂરિ હિઝ લાઈફ એન્ડ વર્ક (ઇંગ્લિશ) ,, ૪-૮-૦

૧૨-રેમિનિસેન્સેજ ઓફ વિજયધર્મસૂરિ (ઇંગ્લિશ) ,, ૨-૮-૦

હિન્દી સાહિત્યના-ઇતિહાસ, વ્યાપાર, શિક્ષા, નોવેલ આદિ ઉત્તમોત્તમ પુસ્તકો માટે મોટું સૂચીપત્ર તુરતજ મફત મંગાવો.

## શ્રીવિજયધર્મ લક્ષ્મી જ્ઞાનમંદિર

બેલનગંજ-આગરા.

# આ ગ્રન્થ કર્તાએ બનાવેલા.

## અન્યાન્ય ગ્રન્થો

૧ જૈન સાહિત્યમાં પદાર્થની વ્યવસ્થા (હિંદી)
૨ જૈનતત્ત્વપ્રદીપ (સંસ્કૃત) મૂલ્ય ૧—૦—૦
૩ સપ્તભંગી પ્રદીપ (ગુજરાતી) ,, ૦—૬—૦
૪ તત્ત્વાખ્યાન—પૂર્વાર્ધ ,, ,, ૧—૦—૦
૫ દ્રવ્ય પ્રદીપ—ષડ્દ્રવ્યનું સ્વરૂપ ન્યાય શૈલીથી યુક્તિ પૂર્વક આપવામા આવ્યું છે. [ગુજરાતી] ,, ૦—૪—૦
૬ ધર્મપ્રદીપ—ચોવિશી તથા છુટક સ્તવનો વિગેરે ,, ૦—૬—૦

# છપાતા ગ્રન્થો

૧ તત્ત્વાખ્યાન ઉત્તરાર્ધ [ગુજરાતી]

આમાં વેદાંત, મિમાંસા અને જૈન દર્શનનું ઘણા વિસ્તાર પૂર્વક તુલનાત્મક વર્ણન આપવામાં આવ્યું છે.

૨ ધર્મ દીપિકા—(સંસ્કૃત વ્યાકરણ)

નવીન પદ્ધતિથી લખાએલ વ્યાકરણશાસ્ત્રનો આ એક અપૂર્વ ગ્રન્થ છે.

ઉપર લખેલા બન્ને ગ્રંથો લગભગ બે મહિનામાં બહાર પડશે.

## પ્રાપ્તિ સ્થાન

**૧ શ્રીવિજયધર્મ લક્ષ્મી જ્ઞાનમંદિર, બેલનગંજ, આગ્રા**
**૨ શ્રીયશોવિજય જૈન ગ્રંથમાલા, હેરીસરોડ—ભાવનગર**
(કાઠીયાવાડ)